RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 29, Dt.15-04-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈરાન-ઈઝરાયલ યુદ્ધથી શેરબજાર કકડભૂસ



## શેરબજાર ખુલતાની સાથે જ ગબડયુંઃ સેન્સેકસ ૯૦૦થી વધુ પોઈન્ટ ઘટીને ૭૩૩૧૫ પર ખુલ્યો જયારે નીફટી ૩૦૦ પોઈન્ટથી વધુ ઘટીને ૨૨૩૩૯ પર રહ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શુક્રવારે શેરબજારમાં ૧ ટકાનો ઘટાડો થયા બાદ સોમવારે જ્યારે બજાર ખુલ્યું ત્યારે સેન્સેક્સમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો અને સેન્સેક્સ ૯૦૦થી વધુ પોઈન્ટ ઘટીને ૭૩,૩૧૫.૧૬ પર ખૂલ્યો હતો, જ્યારે નિફ્ટી ૩૦૦ પોઈન્ટથી વધુ ઘટીને ૨૨,૩૩૯.૦૫ પર ખુલ્યો હતો. બીએસઈના ટાટા મોટર્સના શેરમાં સૌથી મોટો ઘટાડો ૨.૪૧ ટકા છે.

ઈરાન-ઈઝરાયલ તણાવની અસર બજાર પર જોવા મળી હતી. શરૂઆતના ટ્રેડિંગ દરમિયાન, સેન્સેક્સના ૩૦ શેરોમાંથી, ૨૭માં ઘટાડો હતો અને માત્ર ૩માં વધારો જોવા મળ્યો હતો. આજે બેન્કિંગ, મેટલ અને પાવર શેર્સમાં વધુ ઘટાડો જોવા મળી રહ્યો છે.

આજે NSE પર ૨,૧૭૧ શેર ટ્રેડ થઈ રહ્યા હતા, જેમાંથી માત્ર ૧૩૫ શેરમાં જ વધારો જોવા મળ્યો હતો. બાકીના ૧,૯૭૯ શેરમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ૫૭ શેરમાં કોઈ એક્શન દેખાઈ નહતી. ૩૩ શેર ૫૨ સપ્તાહની ઊંચી સપાટીએ ટ્રેડ થઈ રહ્યા છે, જ્યારે ૧૬ શેર ૫૨ સપ્તાહની નીચી સપાટીએ છે. આ સિવાય ૨૫ શેર અપર સર્કિટમાં અને ૧૧૪ શેર લોઅર સર્કિટ છે.

સેન્સેક્સ-નિફ્ટી સિવાય નિફ્ટી નેક્સ્ટ ૫૦, મિડકેપ, સ્મોલ કેપ અને ફાઇનાન્સિયલ સર્વિસ ઇન્ડેક્સમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. બેંક નિફ્ટી આજે ૫૫૦ પોઈન્ટથી વધુ તૂટ્યો છે. જ્યારે નિફ્ટી નેક્સ્ટ ૫૦ ૧૪૦૦થી વધુ પોઈન્ટ્સ તૂટ્યો છે. સેક્ટરની વાત કરીએ તો બેન્ક, ઓટો, ફાઇનાન્સિયલ સર્વિસ, પ્રાઇવેટ બેન્ક, મેટલ, ઓઇલ એન્ડ ગેસ, હેલ્થકેર અને કન્ઝ્યુમરમાં ૧થી ૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. સૌથી મોટો ઘટાડો મીડિયા સેક્ટરમાં ૩.૨૧ ટકા નોંધાયો છે.

## સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ઉત્તર ગુજરાતમાં સતત બીજા દિવસે માવઠા સહિત કરાનો વરસાદ પડયો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ ગઈકાલે સતત બીજા દિવસે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદ વરસ્યો હતો.કચ્છ, અમરેલી, ભાવનગર, દ્વારકા, રાજકોટ જિલ્લા તથા સાબરકાંઠા, મહેસાણા અને અરવલ્લીમાં માવઠા વરસતા ખેડૂતો ભારે ચિંતાતુર બની ગયા હતાં.કચ્છ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અતિભારે પવનની સાથે ધુળની ડમરીઓ ઉડી હતી.જેને પગલે ઘરના નળીયાઓ અને છાપરા હવામાં ફંગોળાયા હતાં. તેમજ કેટલીક જગ્યાએ કરા પણ પડયા હતા.

રાપર તાલુકાના હાઈવે પટ્ટીના ગાગોદર, કીડીયાનગર, સંય ભીમદેવ કા માનાબા પેઠાપર સહિતના ગામોમાં પવન સાથે વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. આ ઉપરાંત ગાંધીધામ, અંજાર, ભુજ, તાલુકામાં વરસાદ વરસ્યો હતો.અતિભારે પવન સાથે ધુળની ડમરીઓ અતિશય પવન ફુંકાવાના કારણે રાહદારીઓને આવન જાવનમાં મુશ્કેલી ઉભી થઈ હતી.



એક તરફ ચૈત્ર મહિનામાં ચોમાસાનો માહોલ જામતા લોકોએ કાળઝાળ ગરમીથી રાહત અનુભવી હતી.બીજી તરફ માવઠાને કારણે ખેડૂતોના પાકને મોટાપાયે નુકશાન થાય એવી ભીતિ ઉભી થઈ છે.આ સિવાય અમરેલી જિલ્લામાં પણ વરસાદ વરસ્યો હતો.ધારી જિલ્લામાં પણ વરસાદ વરસ્યો હતો. ધારી ગીરના ગ્રામ્ય વિસ્તારોમાં બીજા દિવસે વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો.

## ભાજપે ચૂંટણી ઢંઢેરામાં અનેક વચનોની કરી લ્હાણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના નેતૃત્વમાં ભાજપ ફરી એકવાર વિજય પથ પર આગળ વધવા તૈયારી કરી રહ્યો છે. ભાજપને આશા છે કે મોદીના નેતૃત્વમાં તેઓ સતત ત્રીજી વખત કેન્દ્રમાં સત્તામાં જીતવામાં સફળ રહેશે. આ વખતે ભાજપે ૪૦૦ પારનું લક્ષ્ય રાખ્યું છે. જો કે લોકસભા ૨૦૨૪ ચૂંટણી માટે વડાપ્રધાન મોદી તથા ભાજપના અન્ય દિગ્ગજ નેતાઓ ગૃહ મંત્રી અમિત શાહ, રાજનાથ સિંહ, જે.પી.નડ્ડા વગેરેની હાજરીમાં આજે ભાજપનો સંકલ્પ પત્ર એટલે કે ચૂંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો. તેમાં ભાજપે પ્રજાને યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાનું તેમજ વન નેશન, વન ઈલેક્શન જેવા મહત્ત્વના વચનો આપ્યા છે.

ભાજપના 'સંકલ્પ પત્ર'માં વડાપ્રધાન મોદીએ લોકોને આ ગેરંટી આપી.




૩ કરોડ વધુ નવા મકાનો બનાવશે.

અમે તમામ ઘરો માટે સસ્તી પાઇપલાઇન ગેસ મળી રહે તે દિશામાં કામ કરીશું.

અમે વીજળી બિલને શૂન્ય કરવા તરફ કામ કરીશું, પીએમ સૂર્યઘર વીજળી યોજના શરૂ કરવામાં આવશે.

ઘરે મફત વીજળી, વધારાની વીજળીના પૈસા પણ મળશે.

મુદ્રા યોજનાની મર્યાદા ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવી.પીએમ આવાસ યોજનામાં દિવ્યાંગોને પ્રાથમિકતા આપવામાં આવશે.

ટ્રાન્સજેન્ડર્સને આયુષ્માન ભારત યોજનાના દાયરામાં લાવવામાં આવશે.

૭૦ વર્ષથી વધુ ઉંમરના દરેક વૃદ્ધને આયુષ્માન યોજનાના દાયરામાં લવાશે

ભાજપનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'હવે અમે સંકલ્પ કર્યો છે કે ૭૦ વર્ષથી વધુ ઉંમરના દરેક વૃદ્ધને આયુષ્માન યોજનાના દાયરામાં લાવવામાં આવશે. ૭૦ વર્ષથી વધુ ઉંમરના દરેક વૃદ્ધ, પછી ભલે તે ગરીબ હોય, મધ્યમ વર્ગ હોય કે ઉચ્ચ મધ્યમ વર્ગ, દરેકને પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા મળશે.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધન દરમિયાન કહ્યું કે 'અમારું ધ્યાન જીવનની ગરિમા, જીવનની ગુણવત્તા (ચીફહશુઙ્ગિર ક્શદ્યત) અને રોકાણ દ્વારા નોકરીઓ પર છે. મોદીની ગેરંટી છે કે મફત રાશન યોજના આગામી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે. અમે સુનિશ્ચિત કરીશું કે ગરીબોને આપવામાં આવતો ખોરાક પૌષ્ટિક, સંતોષકારક અને સસ્તો હશે.

ભાજપના મેનિફેસ્ટોનું અનાવરણ કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે 'આજે ખૂબ જ પવિત્ર દિવસ છે. દેશના ઘણા રાજ્યોમાં નવા વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે, નવરાત્રીના છઠ્ઠા દિવસે, આપણે માતા કાત્યાયનીની પ્રાર્થના કરીએ છીએ. તેના બંને હાથમાં કમળ છે. આ સંયોગ બહુ મોટો છે, આજે આંબેડકર જયંતિ પણ છે. આખો દેશ ભાજપના 'સંકલ્પ પત્ર'ની રાહ જોઈ રહ્યો છે.

## મણિપુરમાં ફરી ભડકી હિંસા, બે જૂથ વચ્ચે અંધાધૂંધ ગોળીબારમાં ૨ લોકોના મોતથી હડકંપ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પૂર્વોત્તર રાજ્ય મણિપુરમાં છેલ્લા ઘણા સમયથી હિંસા ફાટી નિકળી છે. લોકસભા ચૂંટણી પહેલા પણ આ હિંસા હજું યથાવત છે. અહીં કુકી અને મૈતઈ સમુદાયો વચ્ચે હિંસા ફાટી નીકળી છે. હવે ફરી એક વખત બે સશસ્ત્ર જૂથો વચ્ચે અંધાધૂંધ ગોળીબાર થયો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઉપદ્રવીઓએ ત્રણ જિલ્લા કંગપોકપી, ઉખરુલ અને ઈમ્ફાલ પૂર્વના ત્રિજંક્શન જિલ્લામાં એકબીજા પર ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં કુકી સમુદાયના બે લોકોના મોત થઈ ગયા છે. હવે ફરી એક વખત હિંસા ફાટી નીકળતા અને બે લોકોના મોતથી હડકંપ મચી ગયો છે.



થૌબલ જિલ્લાના હેઈરોક અને તેંગનૌપાલ વચ્ચે ૨ દિવસની ક્રોસ ફાયરિંગ બાદ ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના મોઈરંગપુરેલમાં ફરી હિંસા ફાટી નીકળી હતી. જેમાં કાંગપોકપી અને ઈમ્ફાલ ઈસ્ટ બંનેના સશસ્ત્ર ઉપદ્રવીઓ સામેલ હતા.

પોલીસે જણાવ્યું કે, કાંગપોકપી, ઉખરુલ અને ઈસ્ટ ઈમ્ફાલના ચોક્કસ વિસ્તારોમાં હજુ પણ સ્થિતિ ખૂબ જ તણાવપૂર્ણ છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આ ઘટના બાદ વધારાના સુરક્ષા દળોને તેહનાત કરવામાં આવ્યા છે. આ ઘટનાના એક દિવસ પહેલા જ ગોળીબારની ઘટનામાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. ગત વર્ષે મે મહિનાથી મણિપુરમાં જાતીય હિંસા ફાટી નીકળી છે અને ત્યારબાદથી અત્યાર સુધીમાં લગભગ ૨૧૯ લોકોના મોત થઈ ચૂક્યા છે. મણિપુરમાં પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે થવાનું છે.

## આસિયાન સાથેના ૧૪ વર્ષ જૂના વેપાર કરારની ભારતે શરૂ કરેલી સમીક્ષા

### કરાર બાદ એશિયન દેશો સાથેની વેપાર ખાધમાં વધારો થયો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

૨૦૦૯ના ઓગસ્ટમાં સાઈન થયેલા અને ૨૦૧૦થી અમલી બનેલા એસોસિએશન ઓફ સાઉથઈસ્ટ એસિયન નેશન્સ (આસિયાન) સાથેના ૧૪ વર્ષ જુના વેપાર કરાર (એફટીએ)ની ભારતે સમીક્ષા શરૂ કરી છે.

વિવિધ પ્રોડકટસ ખાસ કરીને જેમાં ફિનિશ્ડ પ્રોડકટસ કરતા કાચા માલ પર વેરાના દર ઊંચા છે તેના પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. કેટલીક અસમતુલા જેને કારણે દેશના ઉત્પાદકોને સહન કરવું પડી રહ્યું છે તેને દૂર કરવા આ સમીક્ષા થઈ રહી હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

આયાત ડયૂટીમાં અસમાનતા, રુલ્સ ઓફ ઓરિજિન તથા નોન-ટેરિફ અડચણોની ચકાસણી કરાશે. ઈન્વર્ટેડ ડયૂટી માળખા જેને કારણે ઉત્પાદકોને નુકસાન થઈ રહ્યું છે તેની




વાણિજ્ય તથા ઉદ્યોગ મંત્રાલયે દેશના ઉદ્યોગો પાસેથી માહિતી પણ મંગાવી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. નાણાં વર્ષ ૨૦૧૦-૧૧માં આસિયાન દેશો સાથે ભારતની વેપાર ખાધ જે પાંચ અબજ ડોલર હતી તે વેપાર કરારના ૧૩ વર્ષ બાદ નાણાં વર્ષ ૨૦૨૩માં વધી ૪૩.૬૦ અબજ ડોલર પહોંચી ગઈ હતી.

દસ સભ્યના આસિયાન માં દારુસલામ, થાઈલેન્ડ, મલેશિયા, વિયેતનામ, સિંગાપુર, ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા, કમ્બોડિયા, લાઓસ તથા મ્યાનમારનો પણ સમાવેશ થાય છે.હાલના એફટીએની દરેક જોગવાઈઓ તેર વર્ષ જુની છે અને હાલમાં વિદેશ વેપારમાં વ્યાપક ફેરબદલ આવી ગયા છે, માટે કરારને નવેસરથી કરવાની જરૂરત છે એમ ભારતના વાણિજ્ય મંત્રાલયના એક અધિકારીએ અગાઉ જણાવ્યું હતું.

લેપટોપ્સ, આઈટી હાર્ડવેર, ટેલિકોમ સાધનો, સ્ટેનલેસ સ્ટીલ પ્રોડકટસ વગેરેનો એસિયન દેશો ખાતેથી ભારતમાં આયાતમાં વધારો થયો છે. થાઈલેન્ડ, મલેશિયા, વિયેતનામ, સિંગાપુર જેવા દેશો ખાતેથી આયાતમાં વધારો જોવા મળી રહ્યો છે. કરાર હેઠળ વેપાર સમતુલા અત્યારસુધી આસિયાન ની તરફેણમાં પરિણમી છે. વેપાર ખાધમાં વધારા ઉપરાંત નોન-એસિયન દેશો ખાતેથી પણ એસિયન દેશો મારફત ભારતમાં માલ ઘુસાડાઈ રહ્યાના અહેવાલોથી સરકાર ચિંતીત છે.

# ક્ષત્રિય સમાજનું અલ્ટીમેટમઃ રૂપાલાને હટાવો

### ક્ષત્રિય અસ્મિતા મહા સંમેલનમાં ભાજપને અંતિમ અલ્ટીમેટમ અન્યથા ૧૯મીએ અમદાવાદમાં મહા આંદોલનઃ ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંથી જન સૈલાબ ઉમટી પડયો



(તસ્વીરઃ આનંદ જાવિયા)









**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિવાદાસ્પદ વિધાનો સાથે તેમની ટીકીટ રદ કરવાની માગણી સાથે આંદોલન કરતા ક્ષત્રિય સમાજે રાજકોટમાં યોજાયેલા મહા સંમેલનો હવે આખરી અલ્ટીમેટમ આપી દીધુ છે. રૂપાલાની ટીકીટ રદ ન થાય તો ૧૯ મીએ અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડમાં દેશવ્યાપી ક્ષત્રિય મહાસંમેલનો યોજાશે. ૭ મે સુધી આંદોલન શરૂ રખાશે અને સર્વત્ર ભાજપ વિરોધી મતદાન કરવામાં આવશે. હવે આર યા પારની લડાઈમાં પરસોતમ રૂપાલા હાય-હાય નહીં પરંતુ રૂપાલા બાય-બાય નારા લગાવવાનું આહવાન કરવામાં આવ્યું હતું.

પરસોતમ રૂપાલા તથા ભાજપ દ્વારા માફી સમાધાનનાં નાટકો રજુ ચાલુ હોવા પર ગર્ભિત ચીમકી ઉચ્ચારીને ક્ષત્રિય આગેવાનોએ એમ કહ્યુ કે રૂપાલાની ટીકીટ રદ કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. ખુદ ભાજપનાં જ વ્યકિતને બદલે પ્રજા અને પક્ષ કરતાં દેશ મહત્વનો હોવાનું ગણાવે છે. પરંતુ આ કિસ્સામાં હાલત વિપરીત છે. એક નેતા (રૂપાલા) માટે ભાજપ સમગ્ર સમાજની માંગનો સ્વીકાર કરતો નથી.''

રાજકોટ લોકસભા ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાની ટીકીટ રદ કરવાની માંગ સાથે રવિવારે રાજકોટનાં રતનપરમાં ૧૩ એકરની વિશાળ જગ્યામાં ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલન યોજાયુ હતું.જેમાં લાખો ક્ષત્રિયોએ રૂપાલાની ટીકીટ રદ એટલે રદ. પછી બીજી વાત. એવી રાજપુત હઠ વ્યકત કરી હતી. આ મહાસંમેલનમાં રાજયભરમાંથી લાખો ક્ષત્રિયો ઉમટયા હતા.

રતનપરનાં અસ્મિતા મહાસંમેલનમાં ભાગ લેવા ક્ષત્રિય સવારથી જ ઉમટવા લાગ્યા હતા. સાંજે સંમેલનની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. આ તકે રાજપુત સમાજનાં કોર કમીટીના પ્રવકતા કરણસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે આજે લાખોની સંખ્યામાં ઉપસ્થિત ક્ષત્રિયોની હાજરીમાં હુ ભાજપનાં હાઈકમાન્ડને કહેવા માંગુ છું કે હવે પાર્ટ-૧ પુરો થયો અને તમારા ખોળામાં દડો ફેંકયો છે.

એટલે હવે ૧૯ એપ્રિલ સુધીનુ અલ્ટીમેટમ આપીએ છીએ. કારણ કે જો ૧૬ એપ્રિલે ફોર્મ ભરેલુ હોય તો ૧૯ એપ્રિલે પાછુ ખેચી શકાય. ભાજપનું તો સુત્ર છે વ્યકિત સે દલ બડા ઔર દલ સે બડા દેશ તો રૂપાલા તમે દેશથી મોટા નથી.સમાજથી મોટા નથી. હવે પાર્ટ-૨ ચાલુ થશે.પાર્ટ ૨ માં શું કરવુ તે અંગે સંકલન સમિતિ નકકી કરશે. કરણી સેના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણાએ સંબોધન શરૂ કરતા પહેલા તમામ લાઈટો બંધ કરાવીને મોબાઈલ લાઈટો ચાલુ કરાવી હતી એ પછી જય રાજપુતાનાં અને જયભવાનીના નારા લગાવ્યા હતા આ સાથે રૂપાલા હાય હાય નહીં બાય બાય કહેવા આહવાન કર્યું હતું. તેમણે ક્ષત્રિયોને સંબોધન કરતા જણાવ્યું હતું કે તંત્ર સામે મારે કોઈ વેર નથી.હું પોલીસ તંત્રને કહેવા માંગુ છું કે તમે ઉંઘ બગાડતા નહિં હું સીધો મારા ગામે જઈશ.આ ભાઈ લોકો તમારા માટે કાફી છે તેમને રોકી બતાવશો તો તમન માની જઈશ.''

ક્ષત્રિય અગ્રણી રમજુભા જાડેજાએ જણાવ્યું હતું કે છેલ્લા ઘણા વર્ષોથી રાજપુત સમાજ જે કંઈ અનુભવી રહ્યો હતો જેની લાગણીઓને ઠેસ પહોંચી હતી. તે બધુ ધીમે ધીમે ભેગુ થયુ અને ૨૩ તારીખે જે કંઈ બનાવ બન્યો અને બનાવ બન્યા પછી જે કંઈ માફીના ખોટા નાટકો રજુ થયા તે હજુ ચાલૂ છે. માફી આપવાની સતા આ સમાજને છે બીજા બારોબાર ગમે તે વાતો કરે એ સમાજને કેવી રીતે મંજુર હોય ભારત દેશમાં છેલ્લા થોડા સમયથી નૈતિક અધપતન થઈ રહ્યું છે તેને અટકાવવાની જવાબદારી તો કોઈએ લેવી પડશેને ગુજરાતમાં લોકસભા ચૂંટણી જાહેર થઈ ત્યારે ભાજપની તરફેણમાં અને અયોધ્યા રામ મંદિર, કલમ ૩૭૦ ની નાબુદી, સીએએ વિગેરે મુદાઓ મતદારો ઉપર છવાયેલા હતા તેમાં અને હાલની સ્થિતિમાં ભારે ફેરફાર આવી ગયો હોય તેવું અંદરખાને ભાજપના વર્તુળો પણ માની રહ્યા છે. ક્ષત્રિયોનાં આંદોલને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં સમગ્ર માહોલ બદલી નાખ્યો છે. જેની અસર ઉતર ગુજરાતનાં ગામડા સુધી પડી રહી છે.તેના કારણે ભાજપની રણનીતિ મુજબનાં મંદિર સહિતના મુદ્દાઓ પશ્ચાદભૂમાં ધકેલાઈ ગયા છે.

# જામનગરના ધુતારપર ગામમાં મહિલાએ તેના ત્રણ સંતાનોને કૂવામાં નાંખી પોતે પણ કૂવામાં ઝંપલાવી મોતને મીઠુ કર્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ધુતારપર ગામમાં ખેતમજૂરી કરતી એક મહિલાએ તેના ત્રણ સંતાનોને કૂવામાં ફેંકી પોતે પણ કૂવામાં ઝંપલાવી દેતા ચકચાર મચી છે.ફાયર બ્રિગેડના જવાનો દ્વારા ત્રણેય માસૂમ સાથે માતાનો મૃતદેહ કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા પોલીસ પણ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી છે.જામનગરના ધુતારપર ગામમાં રહેતા દિનેશ કોટડીયાની વાડીમાં મધ્યપ્રદેશના



ખેતમજૂરનો પરિવાર રહેતો અને ખેતમજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. માતા સંગીતાબેને આજે તેમની પાંચ વર્ષીય પુત્રી મમતા, ૩ વર્ષીય પુત્રી અંજલી અને ૯ માસનો પુત્ર શોધનને કૂવામાં નાખ્યા બાદ પોતે પણ કૂવામાં ઝંપલાવી દીધું હતું. ઘટના અંગે ગામના સરપંચને જાણ કરાયા બાદ ફાયરબ્રિગેડને જાણ કરાતા ફાયરની ટીમે ઘટનાસ્થળ પર પહોંચી એક બાદ એક ચારેયના મૃતદેહોને બહાર કાઢ્યા હતા.જામનગર તાલુકાના ધુતારપર ગામે મૂળ મધ્યપ્રદેશની મહિલા ખેતમજૂરે પોતાના ત્રણ બાળકોને કૂવામાં ફેંકી પોતે પણ કૂવામાં ઝંપલાવી આપઘાત કર્યો છે. હાલ ચારેયના મૃતદેહોને બહાર કાઢી પોલીસ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં ધારાશાસ્ત્રી હારૂન પલેજાની હત્યાના પ્રકરણમાં પોલીસે વધુ ત્રણ આરોપીની ધરપકડ







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બેડીમાં ધારાશાસ્ત્રી હારૂન પલેજાની હત્યાના પ્રકરણમાં પોલીસે વધુ ત્રણ આરોપીની ધરપકડ કરી સાત દિવસના રીમાન્ડની માંગણી કરતા ત્રણ દિવસના રીમાન્ડ મંજુર થયા છે.આ ચકચારી હત્યા પ્રકરણમાં પંદર પૈકી ૧૪ આરોપી પકડાઇ ચુક્યા છે જયારે હજુ એક આરોપીની પોલીસે શોધખોળ સાથે તપાસનો દૌર આગળ ધપાવ્યો છે.પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામનગરના બેડી વિસ્તારમાં રમજાન માસના પ્રારંભે જાણીતા વકીલ હારૂન પલેજાની હત્યા નિપજાવવા અંગેના પ્રકરણમાં સીટી બી પોલીસે પંદર શખસો સામે ગુનો નોંધ્યો હતો જે પ્રકરણમાં અગાઉ અગીયાર આરોપીની ધરપકડ કરી હતી જે બાદ વધુ ત્રણ આરોપી રજાક સોપારી ઉપરાંત ઉંમર ચમડીયા અને શબીર ચમડીયાને પણ દબોચી લીધા હતા.પોલીસે ત્રણેયના સાત દિવસના રીમાન્ડની માંગણી સાથે અદાલતમાં રજુ કર્યા હતા જેમાં ત્રણ દિવસના રીમાન્ડ મંજુર થયા છે.આ હત્યા પ્રકરણમાં ધરપકડનો આંક ૧૪ પર પહોચ્યો છે જયારે હજુ એક આરોપી પોલીસ પકડથી દુર હોવાથી તેની શોધખોળ સાથે પોલીસની ખાસ ઇન્વેસ્ટીગેશન ટીમે તપાસનો દૌર આગળ ધપાવ્યો છે.

# મોરબીના મચ્છુ-૨ ડેમમાં આવતા ચોમાસા સુધી પીવાના પાણીનો જથ્થો ઉપલબ્ધ





**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**જામનગર:** મોરબીમાં ઉનાળામાં પીવાના પાણીની અછત ન સર્જાઈ તે માટે મોરબી સહીત રાજ્યમાં સરકાર દ્વારા આગોતરા આયોજન કરી પીવાના પાણીનો પૂરતો જથ્થો સુનિશ્ચિત કરવામાં આવે છે ત્યારે મોરબી સ્થિત મચ્છુ-૨ ડેમમાં આવતા ચોમાસા સુધી મોરબીવાસીઓ માટે પીવાના પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

મોરબી મચ્છુ-૨ ડેમના ના સેકશન અધિકારી બી.સી.પનારાસાહેબ દ્વારા આંકડાકીય માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે હાલ મચ્છુ-૨ ડેમમાં હાલ ૧૧૧૮એમ.સી.એફ.ટી પાણી છે એટલે કે ડેમની ક્ષમતાનો ૩૬% જેટલું પાણી છે. હાલ મચ્છુ-૨ ડેમમાં નર્મદા કેનાલની મોરબી બ્રાંચ કેનાલ દ્વારા રોજનું ૨૫૦ થી ૩૦૦ ક્યુસેક પાણીની આવક ચાલુ છે જયારે સરકારની સૌની યોજના દ્વારા રોજનું ૨૯૦ ક્યુસેક જેટલું પાણી ઉપાડવામાં આવ છે.

પીવાના પાણી માટેની વાત કરીયે તો મોરબી શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તાર કે જે મચ્છુ-૨ ડેમ ઉપર પીવાના પાણી માટે આધારિત છે તેના માટે ઉનાળામાં પીવાના પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. અને આવતા ચોમાસા સુધી પીવાના પાણીમાં અછત સર્જાશે નહિ, તેમજ જો સિંચાઇની વાત કરવામાં આવે તો હાલ ઉનાળામાં કોઈ સિંચાઈ માટેનું આયોજ હોતું નથી તદુપતાન્ત જો પ્રિ-ખરીફ પાક માટે સરકાર તરફથી કોઈ સૂચના આપવામાં આવશે તો તેના માટે સિંચાઈ વ્યવસ્થા અંગે પણ આગોતરા આયોજન કરી ઘટતું કરવામાં આવશે.

# ટંકારાની લજાઈ ચોકડી નજીકથી યુવકને દેશી તમંચા સાથે ઝડપી લેતી એસઓજી પોલીસ

**મુખ્ય સમાચાર, ટંકારા**

મોરબી એસઓજી પોલીસ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે લજાઈ ચોકડી નજીક રોડ ઉપરથી એક શખ્સને દેશી હાથ બનાવટમાં તમંચા સાથે ઝડપી લઇ આરોપી સામે ટંકારા પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળન તાપસ ચલાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી



એસઓજી ટીમને મળેલ ચોક્કસ હકીકતને આધારે ટંકારાના લજાઈ ચોકડી નજીક આવેલ ગુરુકૃપા ટી સ્ટોલ સામે રોડ ઉપરથી પાસ પરવાના કે આધાર વગરના દેશી હાથ બનાવટના તમંચા કિ.રૂ.૧૦,૦૦૦/- સાથે આરોપી કરણ ઉર્ફે મીઠો મહેંદ્રભાઇ ચૌહાણ ઉવ.૨૫ રહે.મોરબી કુબેરનાથ રોડ, લુહાર શેરીને ઝડપી લઇ તેની વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ તથા જીપી એક્ટ હેઠળ ગુનો રજી.કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના દલવાડી ચોકડી પાસે કેનાલના નાલા પરના પુલ પર પડ્યું ગાબડું

## હજારોની સંખ્યામાં અવર જવર થતા વાહનો ઉપર તોળાતું જોખમ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની દલવાડી ચોકડીની સામે આવેલ કેનાલ ઉપર બાંધવામાં આવેલ નાલા-પુલ ઉપર મસમોટું ગાબડું પડ્યું છે ત્યારે આ નાલા-પુલ ઉપરથી આજુબાજુમાં આંબેલી ત્રણથી ચાર સોસાયટી તેમજ વાડી વિસ્તારના હજારોની સંખ્યામાં લોકોની અને વાહનોની અવરજવર ચાલુ હોય ત્યારે તાત્કાલિક આ પડી ગયેલ ગાબડાં



અંગે તંત્ર દ્વારા સમારકામ કરાય તેવી લોકમાંગ ઉઠી છે.

મોરબીના દલવાડી ચોકડીથી નાની કેનાલ જવાના રસ્તે કેનાલની સામેની બાજુ જવા માટે કેનાલ ઉપર બાંધવામાં આવેલ નાલા-પુલ ઉપર મસમોટું ગાબડું પડી ગયું હોય ત્યારે કેનાલની સામેની બાજુ આવેલ સરદારનગર-૩ સોસાયટી, ધર્મભકિત, ઉમા-૨ સોસાયટી અને સતવારા વાડી વિસ્તારમાં જવા આવવા દરરોજ હજારોની સંખ્યામાં લોકો તથા વાહનવ્યવહાર માટે આ એકમાત્ર નાલા-પુલનો ઉપયોગ કરતા હોય છે ત્યારે આ નાલા-પુલ ઉપર પડી ગયેલ ગાબડાં અંગે તાત્કાલિક તંત્ર દ્વારા સમારકામ કરી ઘટિત કરે તરવી આજુબાજુની સોસાયટીમાં રહેતા લોકો દ્વારા માંગણી ઉઠાવી હતી.

# ખર્ચ ઓબ્ઝર્વર અવિજીત મિશ્રાએ જામનગર MCMC સેન્ટરની મુલાકાત લીધી

## જિલ્લા માહિતી કચેરી પાસે કાર્યરત MCMC સેન્ટર પર ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ થઈ રહ્યું છે પેઈડ ન્યૂઝ અંગેનું મોનિટરિંગ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત પેઈડ ન્યૂઝ અને જાહેરખબરો પર દેખરેખ રાખવા માટે જિલ્લા માહિતી કચેરી, જિલ્લા સેવા સદન-૨ જામનગરમાં MCMC (મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરિંગ કમિટી) સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે. જેની ખર્ચ ઓબ્ઝર્વર અવિજીત મિશ્રાએ મુલાકાત લીધી હતી. ઓબ્ઝર્વરની આ મુલાકાત દરમિયાન ખઈખઈના નોડલ અધિકારી અને નાયબ માહિતી નિયામકશ્રી દેવેન્દ્ર કડિયાએ ઈલેક્ટ્રોનિક મીડિયા, પ્રિન્ટ મીડિયા, રેડિયો, ટી.વી.ચેનલ, કેબલ નેટવર્ક, ઓડિયો વિઝ્યુઅલ, ડિસ્પ્લે પર પ્રસિદ્ધ થતી રાજકીય જાહેરખબરોનું પૂર્વ-પ્રમાણીકરણ, અને મોનીટરીંગ વગેરે



બાબતો વિશે કરાઈ રહેલી કામગીરી અંગેની માહિતી ખર્ચ ઓબ્ઝર્વર સમક્ષ રજુ કરી હતી. તેમજ તેઓએ અધિકારી અને કર્મચારીઓને જરૂરી સૂચનો કર્યા હતા.ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં રાજકીય પક્ષો કે ઉમેદવારો દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી રાજકીય જાહેરખબરોના આગોતરા પ્રમાણિકરણ અને મીડિયા પ્રમાણીકરણ અને દેખરેખ સમિતીની રચના કરવામાં આવે છે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા પ્રમાણે કમિટી દ્વારા કામગીરી કરાઈ રહી છે.

# મોરબી સબ જેલ ખાતે ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતીની ઉજવણી કરાઇ

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબી સબજેલ ખાતે ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

મોરબી સબ જેલ ખાતે મહામાનવ, વિશ્વરત્ન, પ્રથમ કાયદામંત્રી, ભારતીય બંધારણના ઘડવૈયા,ભારત રત્ન, બોધિસત્વ ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ હતી. મોરબી સબ જેલના ઇન્ચાર્જ અધિક્ષક પી.એમ.ચાવડા સાથે જેલના કર્મચારીઓ અને જેલના બંદિવાનો પણ ઉજવણીમાં જોડાયા હતા,



# માળીયા(મી)ના વેણાસર ગામ નજીકથી વિદેશી દારૂની બોટલ સાથે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર માળીયા(મી) પોલીસ પેટ્રોલિંગમાં હોય ત્યારે માળીયા(મી) તાલુકાના વેણાસર ગામ નજીક રોડ ઉપર શંકાસ્પદ હાલતમાં ઉભેલ શખ્સ પાસેથી પાસ પરમીટ કે આધાર વગરની વિદેશી દારૂની એક બોટલ જેની કિ.રૂ.૩૦૦/-મળી આવી હતી આ સાથે આરોપી ઉમેશભાઇ ચંદુભાઇ રાફુસા ઉવ.૨૮ રહે-વેણાસર તા-માળીયા ની સ્થળ ઉપરથી અટક કરી માળીયા(મી) પોલીસ મથકમાં પકડાયેલ આરોપી સામે પ્રોહી.હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# જામનગર શહેરમાં ડો. બાબાસાહેબ આંબેડકર જયંતિની ભવ્ય ઉજવણી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રેલી યોજી પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઇ બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરન જન્મ જ્યંતિની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ જામનગર શહેરના વિસ્તારથી ડીજેના સથવારે વાજતે ગાજતે શોભાયાત્રાનું આયોજન કરાયું હતું.

# મોરબીમાં ડો.બાબા સાહેબ આંબેડકરની ૧૩૩ મી જન્મ જયંતીની ઉજવણી કરાઇ

## અનુ.જન જાતિ દ્વારા ભવ્ય શોભા યાત્રાનું આયોજન કરાયુંઃ આ પ્રસંગે મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા તથા જિલ્લાના આગેવાનો ઉપસ્થિરત રહ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા સમગ્ર અનુ.જન જાતિ દ્વારા બંધારણના ઘડવૈયા એવા ભારતરત્ન ડૉ.ભીમરાઓ આમ્બેડકર સાહેબની ૧૩૩મી જન્મ જયંતિ નિમિતે મોરબી શહેરના મુખ્ય માર્ગો ઉપર વિશાળ ભવ્ય શોભા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શોભાયાત્રામાં મોરબી શહેર તથા સમગ્ર મોરબી જીલ્લાના અનુ.જન જાતિ સમાજની આગેવાની હેઠળની આ રેલી-યાત્રામાં રાજકીય આગેવાનો તથા સામાજિક આગેવાનો સહિતના બહુ બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા ત્યારે ભાજપ અગ્રણી પ્રજ્ઞેશભાઈ વાઘેલા દ્વારા જણાવવામાં આવ્યું કે મોરબી અનુ.જન જાતિ દ્વારા આ વિશાળ શોભાયાત્રા



મોરબીના રેલ્વે સ્ટેશન ચોક ખાતેથી આરંભ થઇ મોરબીના મુખ્ય માર્ગો ઉપરથી પસાર થઇ ગાંધી ચોક નગરપાલિકા ખાતે આવેલ બાબાસાહેબ આંબેડકરના બાવલા ખાતે સંપન્ન કરવામાં આવી છે, ત્યારે ગાંધી ચોક ખાતે ભવ્ય અને વિશાળ શોભાયાત્રાનું મોરબી ભીમ-સેના દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મોરબી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા આ શોભાયાત્રામાં જોડાયા હતા ત્યારે તેમના દ્વારા જણાવ્યું હતું કે ડૉ.બાબાસાહેબની ૧૩૩ મી જન્મ જયંતિ નિમિતે જે શોભાયાત્રામાં મોરબીના દરેક સમાજના લોકો જોડાયા છે કેમ કે ડૉ.બાબાસાહેબ સ્વતંત્ર ભારત દેશના બંધારણના ઘડવૈયા હતા તેથી 'ન ભૂતો ન ભવિષ્યતિ' એક વિશાળ ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી ત્યારે તેમના દ્વારા આહવાન કરવામાં આવ્યું છે કે બાબા સાહેબે જે રીતે ભારત દેશનું બંધારણનું ઘડતર કર્યું તેવી રીતે તેને આદર્શ સ્થાને રાખી આપણે તેને શિક્ષણમાં ઘડતર લઇ ખુબ આગળ વધીશું.

# મોરબીમાં ડો. બાબાસાહેબની જન્મજયંતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ



**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી :** ૧૪ એપ્રિલ એટલે ભારતનાં બંધારણના ઘડવૈયા, ભારતરત્ન ડો. બાબા સાહેબ આંબેડકરજીની જન્મ જયંતી નિમિતે મોરબીમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડો. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૩મી જન્મજયંતી નિમિત્તે સમસ્ત મોરબી જિલ્લા અનુસૂચિત જાતિ સમાજ દ્વારા મોરબીમાં આજે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. ડો. બાબાસાહેબની યાદમાં વિવિધ પ્રતિકૃતિ સાથે ખૂબ જ મોટી જનમેદની સાથે આ શોભાયાત્રા મોરબીના માર્ગો પર ફરી હતી. આ પ્રસંગે ડો. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ શોભાયાત્રામાં હજારો લોકો જોડાયા હતા અને ડો. બાબાસાહેબની જન્મજયંતીની ઉજવણી કરી હતી.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# ડો.બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતીની ગરીમાપૂર્ણ ઉજવણી




(તસ્વીરઃ આનંદ જાવિયા)




ગઈકાલે બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતીની સમગ્ર દેશમાં ઉજવણી કરાઈ હતી. રાજકોટમાં પણ બાબાસાહેબના જન્મ જયંતી નિમિત્તે વિશાળ શોભાયાત્રા નીકળી હતી. આ પ્રસંગે રાજકોટ સંસદીય મત વિસ્તારના ભાજપના ઉમેદવાર પરષોત્તમભાઈ રૂપાલા સહિતના અગ્રણીઓએ બાબાસાહેબની પ્રતિમાને હારતોરા કર્યા હતા.

# જાગનાથ મંદિરે શીશ ઝુકાવી કાલે પરષોત્તમ રૂપાલા પોતાનું ઉમેદવારી પત્ર ભરશે

## આ માટેની તમામ તૈયારી ભાજપ દ્વારા પૂર્ણ કરાઈઃ બહુમાળી ભવન ચોક ખાતે વિશાળ સ્ટેજ ઉભુ કરાયું







(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોતમ રૂપાલા આવતીકાલે વિજય મુહૂર્તમાં પોતાનું ઉમેદવારી પત્ર ભરવાના છે. રૂપાલા આવતીકાલે યાજ્ઞિક રોડ પરના જાગનાથ મંદિરે ભગવાન શંકર સમક્ષ શીશ ઝુકાવી રેલી સ્વરૂપે બહુમાળી ભવન ચોક સુધી પહોંચશે. જ્યાં રૂપાલા જંગી સભાને સંબોધવાના છે, જેને લઇને આજે તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. તેમના આ ઉમેદવારી પત્ર ભરવાના સમયે તેમની સાથે તમામ ધારાસભ્યો, પૂર્વ મુખ્યમંત્રી, કર્ણાટકના પૂર્વ ગવર્નર તેમજ મેયર સહિતનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. એ બાદ તેઓ ૧૨.૩૯ ટકોરે વિજય મુહૂર્તમાં લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી ફોર્મ ભરશે.

રાજકોટના બહુમાળી ભવન ચોક ખાતે આવતીકાલે પુરુષોતમ રૂપાલા ચૂંટણી ફોર્મ ભરવાના છે. જંગી સભા સંબોધવાના છે, ત્યારે તેને લઈને રાજકોટ ભાજપના પ્રવક્તા રાજુ ધ્રુવે જણાવ્યું હતું કે, રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોતમ રૂપાલા પોતાનું ચૂંટણી ફોર્મ ભરવાના છે. સૌપ્રથમ તેઓ ૧૬મી એપ્રિલે સવારે ૯ વાગ્યે શહેરના યાજ્ઞિક રોડ ઉપરના જાગનાથ મહાદેવ મંદિરે જશે.

પુરુષોતમ રૂપાલાનો આજે જ્યાં મહાદેવ સમક્ષ શીશ ઝુકાવશે. જે બાદ તેઓ રેલી મારફત બહુમાળી ભવન ચોક સુધી પહોંચશે. આ રેલીમાં તેમની સાથે ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઇ વાળા, રાજ્યસભાના સાંસદ રામ મોકરિયા, લોકસભાનાં પૂર્વ સાંસદ મોહન કુંડારીયા ઉપરાંત રાજકોટના મેયર સહિતનાં મહાનગરપાલિકાના પદાધિકારીઓની સાથે સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેવાના છે.

મોરબીમાં કાર્યક્રમ છે, ત્યારે આવતીકાલે સીધા તેઓ રાજકોટમાં બહુમાળી ભવન ચોક ખાતે સવારે ૧૦:૩૦ વાગે આસપાસ જંગી સભાને સંબોધવાના છે, જે બાદ તેઓ બપોરે ૧૨.૩૯ મિનિટે વિજય મુહૂર્તમાં પોતાનું ઉમેદવારી પત્ર ભરવા માટે જશે. રૂપાલાના ડમી ઉમેદવાર તરીકે લોકસભાના પૂર્વ સાંસદ કુંડારીયા છે. જોકે, રૂપાલાની આવતીકાલની સભાને લઈને બહુમાળી ભવન ચોક ખાતે વિશાળ સ્ટેજ સાથે તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, એક તરફ ક્ષત્રિય સમાજ દ્વારા પુરુષોતમ રૂપાલાની ટિકિટ રદ થાય તે માટે આંદોલન ચાલી રહ્યું છે. ઠેર ઠેર સંમેલન બોલાવવામાં આવી રહ્યાં છે. ગઇકાલે જ રાજકોટનાં રતનપરમાં ક્ષત્રિય સમાજના મહાસંમેલનમાં દોઢ લાખથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા, ત્યારે આવતીકાલે ૧૬ એપ્રિલે પુરુષોતમ રૂપાલા પોતાનું ઉમેદવારી પત્ર ભરવાના છે. કોંગ્રેસનાં પરેશ ધાનાણીએ પણ ક્ષત્રિય સમાજની તરફેણ કરી રાજકોટમાંથી ચૂંટણી લડવા એલાન કર્યું છે, ત્યારે ખરો રાજકીય ચૂંટણી જંગ જામ્યો છે.

# જસદણના મોટા દડવા ખાતે કથાકાર ગીરીબાપુના વ્યાસાસને ચાલતી શિવ કથામાં કથા શ્રવણ કરતાં પરષોત્તમભાઈ રૂપાલા

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણઃ** મોટા દડવા ગામે સમસ્ત ધિગેશ્વર મહાદેવ આનંદદાસ આશ્રમમાં વિખ્યાત કથાકાર ગીરીબાપુ ના વ્યાસ પીઠે ચાલતી શિવ કથામાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી અને રાજકોટ લોકસભાના લોકલાડીલા ઉમેદવાર પુરુષોત્તમભાઈ રૂપાલાએ કથા શ્રવણ નો લાભ લીધો હતો જસદણમાં ચાલતી રૂપારેલિયા પરિવારની ભાગવત કથામાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમભાઈ રૂપાલાએ ખાસ હાજરી આપી પ્રસંગની શોભા વધારી હતી તેમજ ચિતલીયા રોડ ઉપર આવેલ શ્રી ગેલી અંબે માતાજી મંદિરના દર્શન કરી અને ધન્યતા અનુભવી હતી અને ખૂબ જ હળવાશ અનુભવી હતી આ સમયે જસદણ સ્ટેટ સત્યજીત કુમાર ખાચર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોકભાઈ ધાધલ જસદણ તાલુકા પંચાયતના સદસ્ય શાંતુભાઈ ધાધલ પૂર્વ નગર સેવક અને પૂર્વ એપીએમસીના ડિરેક્ટર નરેશભાઈ ચોહલીયા તથા રાજકોટ જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ સોનલબેન વસાણી તેમજ ગુજરાત સરકારના પૂર્વ ગ્રામીણ વિકાસ મંત્રી અને કેન્દ્ર



સરકારના પૂર્વ કૃષિ મંત્રી તથા રાજકોટ લોકસભાના સાંસદ મોહનભાઈ કુંડારિયા રાજ્ય સભાના સાંસદ રામભાઇ મોકરિયા તથા ભાજપના આગેવાન ભરતભાઈ બોઘરા તથા ભાજપના અગ્રણી આગેવાન ધીરુભાઈ ભાયાણી અને ભાજપના તમામ હોદ્દેદારો આગેવાનો સાથે રહી વિવિધ ધાર્મિક પ્રસંગની શોભામાં વધારો કર્યો હતો મુખ્યત્વે તેમણે રાજકીય નહી પણ તેમણે પ્રાસંગિક પ્રવચન કરતા ભાવિકજનોએ પણ ધન્યતા અનુભવી હતી ઉલ્લેખનીય છે કે જસદણ પંથકનાં પ્રવાસ દરમિયાન રૂપાલાજી એ શ્રી ગેલ અંબાજી માતાજીના મંદિરએ દર્શન પણ કર્યાં હતાં આ ઉપરાંત વિરનગર ગામોનો પ્રવાસ પણ કર્યો હતો ત્યારે વીર નગર તાલુકા પંચાયતના સદસ્ય શાંતિભાઈ ધાધલના નિવાસ્થાને પણ રૂપાલાજી એ પધાર્યા હતા ગેલ માતા મંદિરે ભરતભાઈ છાયાણી રૂપારેલીયા પરિવારમાં અલ્પેશભાઈ જયતા બાપુના મંદિરે દરબાર સાહેબ મોટા દડવા ગામે ગિરધરભાઈ વેકરીયા ભુપતભાઈ વાળા મનુભાઈ લાવડીયા સહિત વિવિધ સમાજના આગેવાનો કાર્યકર્તાઓ ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

## ધોરાજી–ટંકારામાં મહિલાઓનું મતદાન વધારવા વિશેષ જાગૃતિ ઝુંબેશ ચલાવાઈ

# ધોરાજીમાં ડો. આંબેડકર જયંતિ નિમિત્તે નીકળેલી રેલીમાં મહિલાઓને પેમ્પલેટનું વિતરણ કરાયું









**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણીમાં રાજકોટ લોકસભા મત વિસ્તારમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે, રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે. આ ઉપરાંત ગત ચૂંટણીમાં ઓછું મતદાન થયું હતું તેવા લો વોટર ટર્નઆઉટ વાળા વિસ્તારોમાં મતદાન વધારવા માટે વિશેષ ઝુંબેશ ચલાવાઈ રહી છે.


જે અંતર્ગત ૭૫-ધોરાજી વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ ધોરાજી શહેરમાં ડો. બાબાસાહેબ આંબેડકરની જયંતી નિમિત્તે યોજાયેલી મહિલા રેલીમાં મતદાન જાગૃતિનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં મતદાનનું મહત્વ સમજાવતા બેનર પ્રદર્શિત કરવામાં આવ્યા તેમજ પેમ્પલેટનું વિતરણ કરીને, મતદાર વિશે સમજૂતી આપવામાં આવી હતી. આ સાથે લોકસભાની ચૂંટણીમાં અચૂક મતદાન કરવા તથા કરાવવા માટે અપીલ કરવામાં આવી હતી.

ઉપરાંત ધોરાજી તાલુકાના ધોરાજી, મોટી મારડ, જમનાવડ , પાટણવાવ, કલાણા, હડમતીયા, ભાદાજાળીયા ગામે આંગણવાડી ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જ્યારે ૬૬-ટંકારા વિધાનસભામાં સમાવષ્ટિ પડધરી તાલુકામાં પુરૂષની સરખામણીએ જ્યાં મહિલાઓનું ઓછું મતદાન છે તેવા વિસ્તારોમાં વિશેષ મતદાન જાગૃતિ ઝુંબેશ કરવામાં આવી હતી. જેમાં મતદાન મથક નં.૨૨૦-મોવૈયા ખાતે ટી .પી.ઓ. તથા બી.એલ.ઓ. દ્વારા ગ્રામજનોમાં મતદાર અંગે જાગૃતિ લાવવા તથા મહિલાઓની મતદાનમાં ભાગીદારી વધે તે માટે મતાધિકારનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ સાથે આગામી લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪માં અચૂક મતદાન કરવા અંગે શપથ લેવામાં આવ્યા હતા.

## અમે દિવ્યાંગ છીએ, પણ લોકતંત્રના પહેરેદાર છીએ

# નવતર પ્રયોગઃ સાઈન લેંગવેજના માધ્યમથી મતદાનની નૈતિક ફરજ નિભાવવાની પ્રેરણા આપતાં દિવ્યાંગ બાળકો બોલવા અને સાંભળવામાં અક્ષમ તરુણો વીડિયો બનાવીને મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગી બન્યા









**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી દિવસોમાં દેશભરમાં લોકશાહીના મહાપર્વની ઉજવણી થનારી છે. લોકશાહીના અવસર એવી લોકસભાની ચૂંટણીમાં રાજકોટ સંસદીય મત વિસ્તારના તમામ નાગરિકોને ભાગીદાર બનાવવા ચૂંટણી તંત્ર અથાક મહેનત કરી રહ્યું છે. લોકોમાં મતદાન કરવાની જાગૃતિ ફેલાવવા અર્થે સ્વીપ પ્રોગ્રામ અંતર્ગત વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ત્યારે સાંભળવા-બોલવામાં અશક્ત બાળકોએ સાઈન લેંગવેજના માધ્યમથી મતદાનનો અનુરોધ કરીને નવતર પ્રયોગ હાથ ધર્યો છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન મુજબ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઇલા ગોહિલ અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી સંતોષ રાઠોડના સહયોગથી છ. શા. વિરાણી બહેરા - મૂંગા શાળાના વિદ્યાર્થીઓએ સાઈન લેંગવેજથી જનતાને મતદાનનું મહત્વ સમજાવ્યું છે. તેમજ લોકોને મતદાન કરવા જવાની પ્રેરણા આપી છે.


એકપણ મતદાતા મતદાન કરવાથી વંચિત ન રહી જાય, તે માટે વીડિયોના મારફત ખાસ કરીને સાંભળવામાં અશક્ત દિવ્યાંગજનો સુધી મતદાનનો સંદેશો પહોંચાડવાનો સરાહનીય પ્રયાસ કરાયો છે. આ વીડિયોમાં મતદાનની તારીખ (૭ મે) તથા વોટર હેલ્પલાઈન નંબર (૦૨૮૧-૨૪૪૮૫૯૦) સાઈન લેંગવેજમાં સરળતાથી સમજાવી દિવ્યાંગોને પોસ્ટલ બેલેટથી અથવા મતદાન મથકે અવશ્ય મતદાન કરવાની અપીલ કરી છે. જેના માટે શાળાના ટ્રસ્ટીઓ અને શિક્ષકોએ જહેમત ઉઠાવી છે.લોકશાહી શાસન વ્યવસ્થામાં દરેક નાગરિકનો મત ખૂબ જ કિંમતી અને પવિત્ર છે. ત્યારે દિવ્યાંગો પણ જવાબદાર નાગરિક બનીને મતદાનની નૈતિક ફરજ નિભાવે, તે હેતુસર મતદાન જાગૃતિ અભિયાનમાં દિવ્યાંગ બાળકો સહભાગી બન્યા છે. આ સાથે ભાવિ મતદાતાઓ એવા બોલવા અને સાંભળવામાં અક્ષમ તરુણોએ 'અમે દિવ્યાંગ છીએ, પણ લોકતંત્રના પહેરેદાર છીએ' સૂત્રને સાર્થક કરી દેખાડ્યું છે.

# સાસણમાં સિંહ દર્શન માટે ફરતી જીપ્સીના ૨૫૦ ડ્રાઈવરોએ મતદાન કરવાના લીધા શપથ

## જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અનિલ રાણાવસિયાની ઉપસ્થિતિમાં સમગ્ર દેશ દુનિયાનું ટુરિસ્ટ હબ સાસણમાં યોજાયો મતદાન જાગૃતિ કાર્યક્રમઃ કલેકટર, ડીડીઓએ જંગલ સફારી કરાવતી જીપ્સીમાં મતદાન જાગૃતિના સ્ટીકર લગાવી, સિગ્નેચર કેમ્પેઇનમાં ભાગ લઇ વધુમાં વધુ મતદાન માટેની અપીલ કરી









**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

આગામી ૭ મેં ના રોજ ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે તેમાં વધુને વધુ મતદાન થાય એ માટે સિંહો માટે સુપ્રસિદ્ધ દેશ દુનિયાનું ટુરિસ્ટ હબ સાસણમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી અનિલ રાણાવાસીયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ તકે સાસણમાં દેવળીયા પાર્ક સફારીનાં સિંહ દર્શન માટે ફરતી ૨૫૦ થી પણ વધુ જીપ્સી ગાડીના ડ્રાઈવર તેમજ ગાઈડ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દેવળીયા પાર્ક સફારીનાં જીપ્સી ગાડીના ડ્રાઈવર એસોસિયેશનના પ્રમુખ જુમાભાઈ કટિયા અને રાજેશભાઈ ધોકડિયાનું મતદાનનાં બેઇઝ કલેક્ટર શ્રી એ પહેરાવ્યો હતો.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અનિલ રાણાવાસીયાએ જણાવવામાં હતું કે જૂનાગઢની ઓળખ સમા સાસણમાં પણ વધુને વધુ મતદાન થાય તેવા ઉદ્દેશથી અહી મતદાર જાગૃતિનો કાર્યક્રમ યોજાયો છે. દેશ અને વિદેશના પ્રવાસીઓ અહીં મોટા પ્રમાણમાં સુઃ દર્શન માટે આવતાં હોય છે, જેથી જંગલ સફારીમાં જીપ્સી ઉપર પર મતદાન જાગૃતિ માટેના સ્ટીકર લગાવવાથી ચૂંટણીનો માહોલ બને અને વધુ ને વધુ લોકો મતદાન કરવા પ્રેરાશે.

કલેકટરએ જૂનાગઢ જિલ્લાની ૭ વિધાન સભા ક્ષેત્ર, કુલ ૧૮૫૦ જેટલા મતદાન મથકો, ૧૮ લાખ જેટલા મતદારો, મહિલા - દિવ્યાંગ - યુવા સંચાલિત મતદાન મથકો, પોલિંગ-પ્રિસાઈડિંગ સ્ટાફ, મતદાન મથકોમાં પીવાના પાણી, વ્હીલચેર, છાંયડો, સહિતની સુવિધાઓ વિશે સાસણવાસીઓને વાકેફ કર્યા હતા.

કલેકટરે કહ્યું હતું કે, આ તમામ ચૂંટણી તંત્રની કામગીરી ત્યારે જ સાર્થક થાય જો વધારેમાં વધારે પ્રમાણમાં મતદારો મતદાન કરે. મતદાનમાં બહેનોનું મતદાન વધુમાં વધુ થવું જોઈએ. મતદાનમાં ચૂંટણી કાર્ડ ઉપરાંત અન્ય ઓળખ કાર્ડથી પણ મતદાન કરી શકાશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી નીતિન સાંગવાતે ઉપસ્થિત ડ્રાઇવરો અને ગાઈડને જણાવ્યું હતું કે લોકશાહીના આ ચૂંટણીના પર્વમાં વધુને વધુ લોકોએ મતદાન કરી યોગ્ય શાસકો જ પસંદ કરવા જોઈએ.

જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી નીતાબેન વાળા દ્વારા કલેક્ટરશ્રી અનિલ રાણાવાસીયા તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી નીતિન સાંગવાતનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતમાં મોબાઈલ ફ્લેશ લાઈટ ચાલુ રાખી મતદાન માટેની પ્રતિજ્ઞા લીધી હતી અને સિગ્નેચર કેમ્પેઇન દ્વારા કાર્યક્રમનું સમાપન કરાયું હતું, આ કાર્યક્રમનું સંચાલન જિલ્લા એજ્યુકેશન ઈન્પેક્ટર જલ્પાબેન ક્યાડા તથા વિપુલભાઈ ધુચલા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જામનગરમાં રહેણાંક મકાનમાં ગેસનો બાટલો લીકેજ થતાં આગ






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રહેણાંક મકાનમાં ગેસનો બાટલો લીકેજ થતાં આગ ભભૂકતા ભારે દોડધામ મચી ગઇ હતી. ફાયરના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. સદનસીબે બનાવમાં કોઇ જાનહાની થઇ ન હતી. આગના કારણે રસોડાનો સામાન બળી ગયો હતો. જામગનરમાં નવાગામ ઘેડ વિસ્તારમાં શ્રીકૃષ્ણ મેરેજ હોલ સામે આવેલા દ્વારકેશ ટેનામેન્ટમાં રવિવારે બપોરે ૧૨.૩૦ વાગ્યા આસપાસ ગેસના બાટલાની નળી લીકેજ થતાં આગ ભભૂકી ઉઠી હતી. આથી ભારે દોડધામ સાથે અફડાતફડી મચી ગઇ હતી. બનાવની જાણ થતાં ફાયરના જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા અને એક ગાડી પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. આગ લાગતા સમયસૂચકતા વાપરી પરિવારના સભ્યો બહાર નકળી જતા જાનહાનિ ટળી હતી.

# હેડ કોન્સ્ટેબલ ૧૫૦૦૦ની લાંચ લેતા ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર પોલીસ હેડક્વાર્ટરનો હેડ કોન્સ્ટેબલ ૧૫૦૦૦ની લાંચ લેતા ઝડપાયો છે. એક બોટલ સાથે ઝડપાયેલા શખ્સ પર કેસ ન કરવા બાબતે હેડ કોન્સ્ટેબલે લાંચ માંગી હતી. જોકે, શખ્સ લાંચ આપવા ન માગતો હોય એસીબીને જાણ કરી હતી. એસીબીએ છટકુ ગોઠવીને હેડ કોન્સ્ટેબલને ૧૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધો હતો પોલીસ હેડક્વાર્ટરનો હેડ કોન્સ્ટેબલ બાદલ ચોટલીયાએ એક બોટલ દારૂ સાથે પકડાયેલા શખ્સ સામે કેસ ન કરવા ૧૫ હજારની લાંચ માંગી હતી. ત્યારબાદ રોકડ રૂપિયા ૧૫૦૦૦ આપવાનું નક્કી થતાં લાંચ લેતા પોલીસ કોન્સ્ટેબલને અઈઇ ઝડપી પાડ્યો હતો.જામનગરમાં દારૂના એક જુના કેસની પતાવટ માટે ૧૫ હજારની લાંચ માંગ્યાની ફરીયાદના આધારે એસીબીએ રામેશ્વર ચોકની એક હોટલ પાસે છટકુ ગોઠવી પોલીસ હેડ કોન્સ્ટેબલને લાંચ લેતા પકડી પાડયા હતા.સૌ પ્રથમ ૧૫ હજારની માંગણી કર્યા બાદ ઘંઉ અને જીરાની માંગ કરાઇ હતી.

# સિવિલ હોસ્પિટલમાં વધુ એક વિવાદઃ યુવાનનું મોત થતા પરિવારજનોનો બેદરકારીનો આક્ષેપ

## યુવાનને છાતીમાં દુઃખાવો થતાં સારવારમાં સિવિલમાં લાવ્યાઃ તબીબોએ સામાન્ય સારવાર આપી રજા આપ્યા બાદ યુવાનનું મોત થતા હોબાળો સર્જાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સિવિલ હોસ્પિટલની વધુ એક બેદરકારી સામે આવી છે. જેમાં ૨૪ વર્ષીય યુવકનું તબીબી બેદરકારીના કારણે મોત નિપજતા પરિવારે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. જેમાં યુવક વધુ બીમાર હોવા છતાં તબીબે તેને દાખલ ન કરી રજા આપી દેતા તેનું મોત નીપજ્યું હતું.

વિગતો મુજબ શહેરમાં ભગવતી પરામા રહેતા કમલેશભાઈ બાબુભાઈ પાટીલ નામના ૨૪ વર્ષીય યુવકને ગઇકાલે છાતીમાં દુઃખાવો થતાં તેના પરિવાર દ્વારા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવ્યા



હતા અને ત્યાં હાજર તબીબે સામાન્ય સારવાર આપી યુવકે રજા પાઈ દીધી હતી પરંતુ પરિવારે તેની તબિયત ખરાબ હોવાથી સારવાર માટે દાખલ કરવા માટે જણાવ્યું હતું.છતાં તબીબે રજા આપી દીધી હતી. જેથી ઘરે પહોંચતાની સાથે જ યુવકની ફરી તબિયત લથડતા તેને સારવાર માટે લાવ્યા હતા. અને તેનું ઈમરજન્સી વોર્ડમાં જુગો થી હી-પતિ શૈલ મોત નીપજ્યું હતું. જેથી પરિવારજનોએ તબીબ બેદરકારીનો આક્ષેપ કર્યો હતો. અને તબીબ સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી અને પ્રથમ મૃતદેહ સ્વીકાર્યો ન હતો પરંતુ કલાકો સુધીની પાલીસની સમજાવટ બાદ મૃતદેહને સ્વીકારી લીધો હતો.

# રાજ્યમાં ૩૫ આઈપીએસ અધિકારીઓની બઢતી સાથે બદલી

## સુરત સીપી તરીકે ગહેલોત, વડોદરા પો. કમિશનર તરીકે નરસિમ્હા કોમરઃ રાજકોટના એસપી રાઠોડને રાજકોટ ગ્રામ્યમાં બઢતી આપી નાયબ આઈજી તરીકે નિમણુંક અપાઈ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આઈપીએસ અધિકારીઓની બદલીની પણ વાતો ચાલી રહી હતી, આ દરમિયાન ચૂંટણી પણ જાહેર થઈ ગઈ હતી. આ ચૂંટણી પ્રક્રિયા વચ્ચે ચૂંટણીપંચે બઢતી અને બદલીના ઓર્ડર કર્યા છે. જેમાં એકસાથે ૩૫ અધિકારીના બદલી અને બઢતીના આદેશ કરવામાં આવ્યા છે. હાલ વડોદરાના પોલીસ કમિશનર એવા અનુપમાસિંહ ગેહલોતને સુરતના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે વડોદરાના પોલીસ કમિશનર તરીકે નરસિંમ્હા કોમરને મૂકવામાં આવ્યા છે.

કરાઈ ટ્રેનિંગ સેન્ટરના પ્રિન્સિપાલ અભય ચુડાસમાને પ્રમોશન આપી એડીજીપી બનાવવામાં આવ્યા છે. આ તરફ જે.આર. મોથલિયાને અમદાવાદના રેન્જ આઇજી બનાવાયા છે.



અનુપમસિંહ ગેહલોત



નરસીમ્હા કોમર

આ અંગેની માહિતી મુજબ ગુજરાતના ૩૫ આઇપીએસની બઢતી અને બદલીના આદેશ કરવામાં આવ્યા છે. જેમાં ૪ એડિશનલ ડીજીને જીડીપી તરીકે બઢતી અપાઈ છે જેમાં મનોજ અગ્રવાલને ડીજીપી તરીકે બઢતી આપવામાં આવી છે. અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ.મલિકને ડીજી તરીકે બઢતી અપાઈ છે. સૌરાષ્ટ્રમાં જોઇએ તો રાજકોટના એસપી જયપાલસિંહ રાઠોડને રાજકોટ ગ્રામ્યમાં નાયબ આઇજી તરીકે નિમણૂંક અપાઇ છે ત્યારે નિલેષ બી જાજડીયાને જૂનાગઢમાં રેન્જ આઇજી તરીકે બઢતી, કચ્છ ભુજના એસપી મહેન્દ્ર બાગરીયાને કચ્છભુજ (પશ્ચિમ)માં નાયબ આઇજી તરીકે નિમણૂંક આપવામાં આવી છે.

આ સિવાય મહત્ત્વના જોઇએ તો આઇપીએસ ચિરાગ કોરડિયાને બોર્ડર રેન્જના આઈજી, આઈપીએસ પ્રેમવિરાસિંઘને સુરત રેન્જ આઈજી, આઇપીએસ આર.વી.અસારીને પંચમહાલ રેન્જના આઈજી, આઇપીએસ ડો.તરૂણ દુગ્ગલને મહેસાણા જિલ્લાના એસપી, આઇપીએસ ઓમ પ્રકાશ જાટને અમદાવાદ ગ્રામ્ય એસપી, આઇપીએસ ઓમ પ્રકાશ જાટને અમદાવાદ ગ્રામ્ય એસપી, આઇપીએસ શિવમ વર્માને અમદાવાદ શહેરના ઝોન ના ડેપ્યુટી કમિશનર, આઇપીએસ ગૌરવ જસાણીને આણંદના એસપી, અને આઈપીએસ ઈમ્તિયાઝ શેખને છોટા ઉદેપુરના એસપી બનાવવામાં આવ્યા છે.

# રતનપર ખાતે સંમેલનમાં તાત્કાલિક અસરથી ખાસ બંદોબસ્ત માટે સાત પોલીસ અધિકારીઓને ફરજ સોંપાઈ હતી

## લાખોની સંખ્યામાં મેદની ઉમટતા મેદાન ખીચોખીચ ભરાયુંઃ ડ્રોન કેમેરાથી ચાંપતી નજર રખાઈ’તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ લોકસભાના ઉમેદવાર અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદનના મામલે ક્ષત્રિય સમાજમાં રોષ વ્યાપી ગયો હતો અને ટિકિટ રદ કરવા સહિતના મામલે વિરોષ વ્યકત કરી તા.૧૪ના રાજકોટના મોરબી હાઈવે પરના રતનપર પાસે મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.







આ સંદર્ભે રાજકોટ પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના ભાગરુષે ચુસ્ત લોખંડી બદોભસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને પોલીસ કમીશનર રાજુ ભાર્ગવ અને જેસીપી વિધી ચૌંધરી, ક્રાઈમ બ્રાથના ડીસીપી ડો.પી.એન.ગોહીલ તથા એસીપી બી.ભી.ભસીયાના માર્ગદર્શન હેઠળ કાઈમ બ્રાંચ, એસખોજી તેમજ સ્થાનિક પોલીસ તદુપરાંત ટ્રાફિક શાખાનો સ્ટાફ તેમજ ટીઆરબી સહિતના ૪૦૦થી વધુના કાઠેલા દ્વારા બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો.

દરમિયાન ઉચ્ચ કક્ષાએથી મળેલા આદેશના પગલે અગાઉ રાજકોટ ખાતે ફરજ બજાવી ગયેલા અને ત્રણ એસીપી અને ચાર પીઆઈની ખાસ બંદોબસ્ત માટે નિમણૂક કરવામાં આવી હતી. જેમાં હાલમાં અમદાવાદ મણીનગર પોલીસ મથકમાં ફરજ બજાવતા એસીપી પી.જી.જાડેજા, એસીપી વી.એમ.જાડેજા, સુરેન્દ્રનગર ડીવાયએસપી વી.બી.જાડેજા, પીઆઈ એસ.પી.જાડેજા, અગાઉ કાઈમ બ્રાંચમાં ફરજ બજાવી ચુકેલા અને હાલમાં અમદાવાદ કરજ બજાવતા વાય.બી.જાડેજા, કે.કે.જાડેજા, પીઆઈ પીઆઈ પીઆઈ કે. કે. ગોહીલ સહિત સાત અધિકારીખોની આ મહાસંમેલન અનુસંધાને નિમણૂક કરવામાં આવી હતી. તેમજ પોલીસ દ્વારા ડ્રોન કેમેરાથી પણ સતત સમગ્ર ગતિવિધિઓ સવ (ષવ રાખવામાં આવી રહી હતી. આ સંમેલનના પગલે મોરબી હાઈવેથી આસપાસના હાઈવેને જોડતા રોડ પર ભારે ટ્રાફિકજામની મુશ્કેલી સર્જાઇ હતી.

# યાજ્ઞિક રોડ પર બસના ચાલક પર હુમલો કરનાર બાઈક ચાલક સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં યાજ્ઞિક રોડ પર એસટી બસ સાથે બાઈક અથડાતાં ચાલકે ડ્રાઇવરને ઢોર માર મારી તેની ફરજમાં રૂકાવટ કરતાં એ ડિવિઝન પોલીસ ગુનો નોંધી બાઇક ચાલકની શોધખોળ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ જામનગર ખાતે જવાહરનગરમાં રહેતા અને એસટી વિભાગમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતાં મહેબુબભાઈ આદમભાઈ મેંડાએ



નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તેઓ રાજકોટ જામનગર રૂટ ની બસમા ડ્રાઈવર તરીકે કાયદેસરની ફરજ ઉપર હતા ત્યારે રાજકોટમાં યાજ્ઞિક રોડ પરથી બસ લઈને પસાર થઈ રહ્યા હતા તે સમયે અજાણ્યા મો.સા ચાલકે બસને ઓવરટેક કરવા જતા બસ મા આગળ ના ભાગે તેનુ મો.સા અડી ગયું હતું જેથી આ અજાણ્યો ચાલક ડ્રાઈવર મહેબુબભાઈ મેંડા પાસે ગયો હતો અને તેની સાથે બોલાચાલી કરી ઢોર માર માર્યો હતો અને તેમની ફરજમાં રૂકાવટ કરી હતી. જેથી આ બનાવ મામલે એ ડિવિઝન પોલીસ ગુનો નોંધી અજાણ્યા બાઇક ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# માનસિક બિમારીથી કંટાળી યુવાનનો રીબડા પાસે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત

**મુખ્ય સમાર, ગોંડલ**

રાજકોટના કોઠારીયા ચોકડી પાસે રહેતા સુરેશભાઈ અરજણભાઈ ખાટરીયા ઉમર વર્ષ ૪૧ એ માનસિક બીમારીથી કંટાળી ગોંડલ તાલુકાના રીબડા ગામ પાસે ટ્રેન નીચે ઝંપલાવી મોત મીઠું કરી લેતા તાલુકા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી.

ઘટનાની જાણ ગોંડલ તાલુકા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ જીતુભાઈ વાળા રમેશભાઈ વાગડીયા ને થતા દોડી ગયા હતા ત્યાં યુવાનનું બાઈક પડયું હતું અને તેને ડેકી ખોલતા તેમાં કંકોત્રી મળી હતી તેના આધારે યુવાનના પરિવારજનોનો ગણતરીની કલાકમાં જ સંપર્ક થયો હતો.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે સુરેશભાઈ ખાટરીયા ગોંડલ જવાનું કઈ ઘરેથી નીકળ્યા હતા બાદમાં તેમનો સંપર્ક ન થતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા અને તેમની શોધ શરૂ કરી હતી દરમિયાન પોલીસ નો સામેથી ફોન આવતા જાણ થતા પરિવારજનો શોક મગ્ન બન્યા હતા યુવાન માનસિક બીમારીથી પીડાતા હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું ગોંડલ શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સ મારફત યુવાનના મૃતદેહને પીએમ માટે હોસિપટલે ખસેડવામાં આવ્યો હતો.

# જંગલેશ્વરની એકતા કોલોનીમાં બે પરિવાર વચ્ચે મારામારી

## યુવતીના અપહરણ મામલે બોલાચાલી થતા ધીંગાણુ ખેલાયુઃ સાત શખ્સો સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જંગલેશ્વર એકતા કોલોની-૮માં શાળા નં. ૭૦ પાછળ રહેતાં બે પરિવાર વચ્ચે એક પરિવારની દિકરીના અપહરણ મામલે બોલાચાલી બાદ ધોકાથી મારામારી થતાં ચારને ઈજા થતાં સારવાર લેવી પડી હતી. આ બનાવ અંગે ભકિતનગર પોલીસે એકતા કોલોની- ૮માં રહેતાં શફીકભાઈ રજાકભાઈ શેખ (ઉ.વ.૨૧)ની ફરિયાદ પરથી કાનો ઉર્ફે ભગર વાજદઅલી ઓસીલ શેખ, બોનસઅલી ઉર્ફે લાલો વકીલ શેખ અને કમુ વાજીદઅલી શેખ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

સામા પક્ષે બોનસઅલી ઉર્ફે લાલો વકીલ શેખ (ઉ.વ.૨૩)ની ફરિયાદ પરથી રફીક રજાકઅલી શેખ, શફીક રજાકભાઈ શેખ, અરબાઝ રજાકભાઈ શેખ અને નુરજહા રજાકભાઈ શેખ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. શફીકે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે મારી બહેનનું અપહરણ થયું હોઈ મારા માતાએ સામેવાળા કમુબેન શેખને જઈને કહેલું કે તમારી દિકરીએ ફોનની આપ લે કરી છે જેથી મારી દિકરીનું અપહરણ થયું છે. આ સાંભળી કમુબેન સહિતના ઝઘડો કરી ધોકાથી હુમલો કર્યો હતો. જેમાં મને ડાબા હાથના કાંડામાં ફ્રેકચર થઈ ગયું હતું. જ્યારે બોનસઅલી ઉર્ફે લાલાએ જણાવ્યું હતુ કે મારા કાકા અને કાકીને સામેવાળા રફીક સહિતના સમજાવવા ગયેલા કે તમારી દિકરીના અપહરણમાં અમારી દિકરીનો કોઈ રોલ નથી. આ સાંભળી તે લોકોએ ઉશ્કેરાઈ જઈ ધોકાથી હુમલો કરતાં મને તથા મારા કાકાને ઈજા થઈ હતી.

# શહેરમાં ઓનલાઈન ફ્રોડનો શિકાર બનેલાં નવ અરજદારોને પોલીસે નાણા પરત અપાવ્યા

## નોકરી, હેલિકોપ્ટર સેવા, ક્રેડીટ કાર્ડ ચાર્જ સહિતના બહાને સાયબર ગઠીયાઓએ લોકોને છેતર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અલગ અલગ રીતે ફ્રોડ કરી ૯ લોકોના નાણાં ખાઈ જવાયા હતાં. આ તમામને તેની રકમ સાયબર ક્રાઈમ પોલીસે પરત અપાવી છે. શહેરમાં સાયબર ફ્રોડનું પ્રમાણ વધી રહ્યું છે. ઓનલાઈન બાયજૂસમાં ટ્યુટરમાં જોબના નામે, કાશીમાં હેલિકોપ્ટર સેવાના નામે, ઈન્વેસ્ટમેન્ટના નામે, વધુ રિટર્ન મેળવવાની લાલચમાં, ક્રેડિટ કાર્ડના ચાર્જિસ સહિતના નામે અરજદારોએ ગુમાવેલ રૂા. ૭.૮૧ લાખની રકમ સાયબર ક્રાઈમ પોલીસે પરત અપાવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઝલક નામની યુવતી સાથે બાયજૂસમાં ટ્યુટર તરીકે જોબના નામે થયેલ ફ્રોડમાં પોલીસે રૂા. ૫૮ હજારની પૂરેપૂરી રકમ, જગદીશભાઈ લશ્કરી સાથે થયેલ કાશીમાં હેલિકોપ્ટર સેવાના નામે ફ્રોડમાં રૂા. ૫૬ હજારની રકમ, રવિરાજસિંહ જાડેજા સાથે થયેલ ઈન્વેસ્ટમેન્ટના નામે રૂા. ૧ લાખ, વધુ રિટર્ન મેળવવાની લાલચમાં ઇન્વેસ્ટમેન્ટ કરવા જય દિલીપભાઈ નામના યુવાને ગુમાવેલી રકમમાંથી રૂા. ક્ષ્ર હજાર, બેન્ક ખાતામાંથી જયસુખભાઈ નાગજીભાઈના બેન્ક ખાતામાંથી તેની જાણ બહાર ઉપાડી લેવાયેલા રૂા. ૨.૩૯ લાખ, ક્રેડિટ કાર્ડના નામે તુષારભાઈ ચૌહાણ સાથે થયેલા ફ્રોડમાં રૂા. ૬૮ હજાર, પરેશભાઈ ધીરજલાલભાઈએ નાણાકીય ફ્રોડમાં ગુમાવેલા ૪૦ હજાર, ક્રેડિટ કાર્ડમાં લાગતા ચાર્જિસના નામે સરકારી કર્મચારી વિવેકકુમાર સાથે થયેલા ફ્રોડમાં રૂા. ૭૦ હજાર અને ઓટીપી આપ્યા વગર ક્રેડિટ કાર્ડમાંથી થયેલા ફ્રોડમાં થયેલા ધવલભાઈ તુણીયાતર સાથેના ફ્રોડમાં પોલીસે રૂા. ૭૦ હજાર મળી કુલ રૂા. ૭.૮૧ લાખની રકમ પોલીસે પરત અપાવી હતી. પોલીસ કમિશનર, જોઈન્ટ પોલીસ કમિશનરની સૂચના અને એસીપી બી.બી. બસિયાની રાહબરીમાં પીઆઈ એમ.એ. ઝનકાત, પીઆઈ કે.જે. મકવાણા અને ટીમોએ આ કામગીરી કરી હતી.

# રાજકોટમાં પૂર્વ પતિની હત્યાના ચકચારી કેસમાં આરોપીની જામીન અરજી ફગાવતી કોર્ટ

## પ્રેમી સાથે મળી મહિલાએ અન્ય આરોપીને પતિની હત્યા કરવાની સોપારી આપી’તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં બીજા પતિ વગેરેએ કાવતરું રચી પૂર્વ પતિની હત્યાના ગુનામાં અઢી વર્ષથી જેલમાં રહેલા મુખ્ય આરોપીની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટમાં રહેતા ફાલ્ગુનીબેને તેના પૂર્વ પતિ મનોજ પ્રતાપભાઈ વાઢેરની ૨૭/૧૦/ ૨૦૨૧ના થયેલી હત્યા અંગે તેના બીજા પતિ પરેશ અકબરી, મેહુલ, વિમલ બાંભવા, કીશન જેઠવા, સોપારી લેનાર રાજેશ પુંજાભાઈ પરમાર (રહેવાસી પારડી) સામે ફરિયાદ નોંધાવી હતી, આ બનાવના કારણમાં પ્રથમ પતિ મનોજ કામ ધંધો ન કરતો હોવા સબબ તેની સાથે ફાલ્ગુનીબેને છુટાછેડા નો કરાર કરી પરેશ અકબરી સાથે સેવા કરાર કર્યા હતા. તેમાં થયેલી સમજૂતી મુજબ ફાલ્ગુનીબેન એ પૂર્વ સાસુની માંદગી સબબ તેને સાચવવાનું નક્કી થયું હતું, પરંતુ પૂર્વ સાસુ સાથે રોજિંદા ઝઘડાથી કંટાળી બીજા પતિ પરેશ અકબરી વગેરેએ પૂર્વપતિ મનોજ વાઢેરની હત્યાનું કાવતરું અને સોપારી આપી મનોજ વાઢેર ને પછાડી પથ્થરના ત્રણ ઘા જીકી ઠંડે કલેજે હત્યા કર્યાનું ખુલ્યું હતું. આ અંગે આઈપીસી ૩૦૨ મુજબના ગુનાનું ચાર્જશીટ મુકાઈ ગયા બાદ સોપારી લેવાના ગુનામાં પકડાયેલા રાજેશ પુંજાભાઈ પરમાર જેલમાંથી જામીન ઉપર છૂટવા જામીન અરજી કરી હતી. જે અરજીમાં સરકાર વતી ઉપસ્થિત રહેલા મદદનીશ સરકારી વકીલ મહેશ જોષીએ જામીન અરજીનો સખત વિરોધ કર્યો હતો. તેમાં બનાવ વખતના લોહીના છાંટાઓ જે પથ્થર અને કપડાં ઉપર પડેલ તેની રિકવરીનું ખાસ કારણ આપેલ હતુ અને કોર્ટે નોંધ કરેલ કે જામીન અરજી વખતેના પરીબળો જેમાં પ્રથમ દર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, ટ્રાયલ વખતની હાજરીનો મુદો વિ. ધ્યાને લેતા અને ઉંડાણપુર્વક અને આરોપીની અગાઉની જામીન અરજીઓ જે મેરીટ ઉપર ડિસાઈડ થઈ ગયેલ હતી, તેનું પણ કારણ આપી અને આરોપીના રોલને ધ્યાને રાખી એડિશનલ સેશન્સ જજ ડી.એસ. સિંઘે જામીન અરજી નામંજુર કરી છે.

# છોટુનગરમાં ચીકનના વધારે પીસ નાંખવા મુદ્દે વેપારી બંધુ પર ત્રણનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના હનુમાન મઢી નજીક છોટુનગર સોસાયટીમાં રહેતા અને નોનવેજની દુકાન ધરાવતા દુકાનદાર પાસે નોનવેજ લેવા આવેલ ત્રિપુટીને વધુ પીસ નાખવાની ના પાડતા ઉશ્કેરાઈ ઢીકા પાટુનો માર મારી છરીથી હુમલો કર્યાની ત્રણ સામે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની માહિતી મુજબ શહેરના હનુમાન મઢી નજીક છોટુનગર સોસાયટીમાં ચિકન શોપની દુકાન ધરાવતા આસિફખાન મુબારકખાન પઠાણ



ઉ.વર્ષ. ૧૯ વાળાએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી દુકાનદારે ફરિયાદમાં જણાવ્યા મુજબ આસિફ અને તેનો નાનો ભાઈ રિયાઝ બંને દુકાને હતા તે દરમિયાન ગ્રાહક તરીકે આવેલા રચિત કડવાતર, ભરત મેઘનાથી અને અશોક મેઘનાથી નામની ત્રિપુટી નોનવેજ લેવા આવી હતી તેણે નોનવેજના પીસ વધારે નાખવાનું કહેતા દુકાનદારે ના પાડતા ઉશ્કેરાયા હતા અને ઝઘડો શરૂ કરી ગાળો ભાંડી બંને ભાઈઓને ઢીકા પાટુનો મારમારી છરીથી હુમલો કરી નાસી છૂટતા આ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં જાણ કરતા કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને દુકાનદારની ફરિયાદના આધારે હુમલાખોર ત્રિપુટી સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી પીએસઆઈ એસો બી જાડેજા ચલાવી રહ્યા છે.

# રાધાકૃષ્ણ સોસાયટીમાં અકસ્માત સર્જી વકિલના પુત્રને ગંભીર ઈજા કરનાર ચાલક સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કિસાનપરા પાસે રાધાકૃષ્ણ સોસાયટી બ્લોક નં. ૩ ગુરુકૃપા ખાતે રહેતાં એડવોકેટનો ૧૦ વર્ષનો પુત્ર પર પાસે શેરીમાં રમતો હતો ત્યારે અજાણ્યો બાઈક ચાલક ઠોકરે લઈ ભાગી જતાં ડાબા પગમાં સાથળ અને પીંડીના ભાગે ફ્રેકચર થઈ જતાં સારવાર માટે દાખલ કરાયો છે.

આ અંગેની માહિતી મુજબ રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતાં ધર્મેન્દ્રભાઈ વૃજલાલ કટારીયાનો પુત્ર વંશ (ઉ.વ.૧૦) સાંજે સાતેક વાગ્યે ઘર પાસે શેરીના છોકરા સાથે રમતો હતો ત્યારે એક બાઈક ચાલક પૂર ઝડપે નીકળ્યો હતો અને વંશને ઠોકરે લઈ ભાગી ગયો હતો. અકસ્માત વખતે ધર્મેન્દ્રભાઇ હુડકો ખાતે હોઈ તેમને પત્નિ નીયાબેને જાણ કરતાં તેઓ ઘરે પહોંચ્યા હતાં અને દિકરાને જી. ટી. શેઠ હોસ્પિટલમાં ખસેડયો હતો. અહિ તબિબે નિદાન કરતાં ડાબા પગના સાથળ અને પીંડીના ભાગે ફ્રેકચર હોવાનું જણાયું હતું. એ-ડિવીઝન પોલીસને જાણ કરવામાં આવતાં પીઆઈ આર. જી. બારોટની રાહબરીમાં હેડકોન્સ. એલ. એ. જતાપરાએ અકસ્માત સર્જી ભાગી ગયેલા બાઈકચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# સંતકબીર રોડ પર કારખાનામાંથી રૂા.૧.૯૦ લાખની મતાની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મૂળ શાપરના હાલ મવડી પ્લોટ શનેશ્વર સોસાયટીમાં રહેતા અને સંતકબીર રોડ ઉપર કારખાનું ધરાવતા દિનેશભાઈ છગનભાઈ ગઢીયા ઉ.૪૦એ ૧.૯૦ લાખની ચોરી અંગે થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ગત રાત્રે ચાંદીનો વધેલો માલ ટેબલમાં રાખી કારખાનું બંધ કરી દીધું હતું સવારે આંઠેક વાગ્યે કારખાને આવીને જોતા ટેબલના ખાનામા રાખેલો ચાંદીનો માલ ગાયબ હતો જેમાં ૫ કિલો ૭૦૦ ગ્રામ કાસ્ટિંગ ચાંદી, ૧ કિલો ૪૦૦ ગ્રામ ચાંદીનો તૈયાર કાસ્ટિંગ, ૬૦૦ ગ્રામ પીતળનું બંગડીનું ડેમો બોક્સ, બંગડીના ડેમો પીસ પીતળના ચાર બોક્સ મળી ૧.૯૦ લાખનો માલ ચોરી થઈ ગયાનું જાણવા મળ્યું હતુ કારખાનામાં હવા ઉજાસ માટે ઉપર પતરાની જગ્યા ખુલ્લી રાખી હોય તેમાંથી રાત્રે અજાણ્યા તસ્કરોએ ત્રાટકી ચોરીને અંજામ આપ્યો હોય, પીએસઆઈ એન આર ડોબરિયાએ તપાસ હાથ ધરી છે.

# સહજાનંદ સોસાયટીની પરિણીતાએ પિયર રેલનગરમાં કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં જંગલેશ્વર સહજાનંદ સોસાયટી મેઈન રોડ ઉપર રહેતી પરિણીતાએ રેલનગર શ્રીનાથજી પાર્ક-૩માં રહેતા પિયરમાં કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં જંગલેશ્વર સહજાનંદ સોસાયટી મેઈન રોડ શેરી નં. ૭માં રહેતાં મનિષાબેન વિપુલભાઈ કુગશીયા નામની ૩૨ વર્ષની પરિણીતા રેલનગર શ્રીનાથજી પાર્ક-૩માં પોતાના માતાના ઘરે હતી. ત્યારે કોઈ અગમ્ય કારણસર એસિડ પી લીધું હતું.

પરિણીતાને ઝેરી અસર થતા બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નીપજ્યું હતું. પરિણીતાના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે પ્રનગર પોલીસને જાણ થતાં પ્રનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી પરિણીતાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડ્યો હતો.આ અંગે પ્રાથમિક પૂછપરછમાં મૃતક મનીષાબેનના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતાં. તેણીને સંતાનમાં એક પુત્રી છે. પ્ર.નગર પોલીસ મથકના પીએસઆઈ પી.કે. પઢીયાર સહિતના સ્ટાફે પરિણીતાના આપઘાત પાછળનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.